**ગાંધીનગર તાપમાન**
મહત્તમ : ૩૩.૦ ડીગ્રી
લઘુતમ : ૨૫.૦ ડીગ્રી
ભેજ
સવારે ૯૫ ટકા ● સાંજે ૭૯ ટકા

# શહેરમાં શાકભાજીના ભાવ રોકેટ ગતિએ વધ્યા

## ટામેટા ૮૦ રૂપિયે કિલો, બટાકા ૪૦ રૂપિયે કિલો એમ તમામ શાકભાજીના ભાવમાં વધારો





ગાંધીનગર, તા.૧૨
નગરમાં શાકભાજીના ભાવ આસમાને પહોંચ્યા છે. એક બાજુ છેલ્લા બે દિવસથી સાંજના સમયે મુશળધાર વરસાદ પડે છે અને બીજી બાજુ શાકભાજીના વેપારીઓને ઘરાકી થતી નથી જેને કારણે દિવસ દરમિયાન તેવો પણ શાકભાજીનો ભાવ વધારી રહ્યા છે. આજે ટામેટા ૮૦ રૂપિયે કિલોના ભાવે નગરમાં વેચાઈ રહ્યા છે જેને લઈને હોટલધારકો અને ગૃહિણીઓ ચિંતામાં મુકાઈ ગયા છે.

નગરમાં શાકભાજીની વરસાદને કારણે આયાત ઘટી ઘઈ છે. આ સાથે ભાદરવા મહિનાનો તડકો તથા સાંજના સમયે પડતો ધોધમાર વરસાદ જેવા અનેક કારણોસર શાકભાજીના ભાવ વધી ગયા છે ત્યારે શાકભાજીના વેપારીઓને પણ મોંઘા શાકભાજી લાવવાની ફરજ પડે છે જેને કારણે છૂટક શાકભાજીના ભાવ પણ વધ્યા છે. ટામેટા ૮૦ રૂ. કિલો, બીન્સ ૧૦૦રૂ., રીંગણા ૫૦ રૂપિયે, કોબીજ ૬૦ થી ૭૦ રૂપિયે કિલો, કેપ્સીકમ ૬૦ થી ૭૦ રૂપિયે કિલો, ગાજર ૬૫ રૂ. કિલો, કાકડી ૪૦ રૂ. કિલો, ડુંગળી ૩૦ થી ૪૦ રૂપિયે કિલો, શક્કરીયા ૫૦ થી ૬૦ રૂ. કિલો એમ વેચાઈ રહ્યું છે.

શાકભાજીના વેપારીઓના જણાવ્યા અનુસાર અમે જથ્થાબંધ શાક પણ મોંઘુ લઈએ છીએ તો છૂટક ભાવ કઈ રીતે ઓછો કરી શકીએ. ઉપરથી શાક પુરતા જથ્થામાં આવતું જ નથી.

નગરની ગૃહિણીઓ અને હોટલ ધારકો શાકભાજીના ભાવ વધવાને કારણે ચિંતામાં મુકાયા છે. અમુક ગૃહિણીઓ તો કહે છે કે શાક બનાવતી વખતે કાચા ટમેટાની ગ્રેવીની જગ્યાએ અમે સોસ (કેચઅપ)નો ઉપયોગ કરી લઈશું પણ ૮૦ રૂપિયે ટામેટા તો કેમના ખરીદવા? આમ મધ્યમવર્ગીય પરિવારો માટે આજે શાકભાજી ખરીદવું અઘરું બન્યું છે.

## રોટરી ક્લબ ઓફ કેપિટલ દ્વારા 'લિટરસી ઓફ રોટરી' કાર્યક્રમ યોજાયો

ગાંધીનગર, તા.૧૨
ગાંધીનગરની રોટરી ક્લબ ઓફ કેપિટલ દ્વારા 'લિટરસી ઓફ રોટરી' કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું જે અંતર્ગત સંસ્થાના પૂર્વ ડિસ્ટ્રિક્ટ સેક્રેટરી ધર્મેન્દ્રભાઈ જોશીનું વક્તવ્ય યોજાયું હતું. ધર્મેન્દ્રભાઈએ આ પ્રસંગે જણાવ્યુ હતું કે 'રોટરી ક્લબ નવા મિત્રો આપવા સાથે તમારા વ્યક્તિત્વનો વિકાસ પણ કરે છે, સમય પાલન શીખવે છે, વકતૃત્વ કળા વિકસાવી યુવાનો સાથે કામ કરવાની તક આપે છે અને પ્રોફેશનલ ડેવલોપમેન્ટ સાથે વૈશ્વિક નાગરિકત્વ પ્રદાન કરે છે' આ સાથે તેમણે 'ટીચ એન્ડ વીન્સ' અંગે પણ સમજણ આપી હતી.

'લિટરસી ઓફ રોટરી' કાર્યક્રમના પ્રારંભે સંસ્થા પરિવારના સભ્ય મીતાબેન



ઉપાધ્યાયના પિતાશ્રી સ્વ. મધુસૂદન પટેલ જેમનું તાજેતરમાં દુઃખદ અવસાન થયું હોવાથી તેમને બે મિનિટનું મૌન પાળી શોક ઠરાવનું વાંચન કરી શ્રદ્ધાંજલી અર્પણ કરવામાં આવી હતી. પ્રાર્થના ગીત બાદ પ્રમુખ ઈલાબેન વોરાએ સ્વાગત પ્રવચન અને મનોજભાઈ પટેલે સંસ્થાના ફોરવે ટેસ્ટનું વાંચન કર્યું હતું. આ સાથે આગામી દિવસોમાં મનોજભાઈ પટેલ તથા એમીબેન શાહના આવી રહેલા જન્મદિવસને તેમજ કાર્યક્રમના યજમાન અને પ્રોજેકટ ચેરમેન મનોજભાઈ સરૈયાને તેમની લગ્નતિથિ હોવાથી અનુલક્ષીને ત્રણેને શુભેચ્છા પાઠવવામા આવી હતી. કાર્યક્રમના સમાપને સંસ્થાના પ્રમુખ દ્વારા મુખ્ય વકતા ધર્મેન્દ્રભાઈ જોશીને સ્મૃતિચિહ્ન અર્પણ કરવામાં આવ્યું હતું. સમગ્ર કાર્યક્રમનું સંચાલન સંસ્થાના સચિવ હસમુખ મેકવાને કર્યું હતું.



ટ્રાફિક અવેરનેસ ઝુંબેશ ફરી શરુ કરવામાં આવી છે. હેલ્મેટ સહિતના ટ્રાફિક નિયમોના પાલનમાં બેદરકારી આવતા પુનઃ ટ્રાફિક પોલીસે અવેરનેસ ઝુંબેશ શરુ કરી છે. આ અભિયાનને પગલે મુખ્ય માર્ગો પર ટ્રાફિક પોલીસે ટ્રાફિકના નિયમોનું પાલન કરતા વાહનચાલકોને ટીશર્ટ અને પેન આપી તેમનું મનોબળ વધાર્યું હતું. ટ્રાફિક અધિકારીએ જાતે રસ્તા પર ઉભી રહી વાહનચાલકોને માર્ગદર્શન આપ્યું હતું.



ગોવર્ધનનાથજીની હવેલી સે-૨૧ ખાતે ૨૯-૮-૨૦૨૦ દાન એકાદશીથી દાન લીલા ચાલુ છે જે આગામી અમાસ સુધી ચાલશે. જે સંદર્ભે ગોવર્ધનનાથજી માટે અલગ અલગ સાંજી પુરણી બહેનો દ્વારા પુરવામાં આવી રહી છે. સંસ્થાના મંત્રી જે.ઓ. શાહ દ્વારા નગરના સમગ્ર વૈષ્ણવોને સાંજી દર્શનનો લાભ લેવા જણાવાયું છે.

## ભાજપના મહિલા કાર્યકર પર ઘર મામલે હુમલો

ગાંધીનગર, તા.૧૨
ગાંધીનગર શહેરના ભાજપ મહિલા કાર્યકર પર હુમલાને લઈ ચોતરફ ચર્ચાઓ ચાલી રહી છે. સરગાસણ સ્થિત શાંતિવિલા બંગ્લોઝના મકાનના કબ્જા મુદ્દે મારામારીના દશ્યો સર્જાયા હતા. બનાવ અંગે અડાલજ પોલીસ મથકે હિનાબેન પટેલે ફરીયાદ નોંધાવતા પોલીસે ધોરણસરની કાર્યવાહી હાથ ધરી છે.

મળતી વિગત મુજબ અડાલજ પોલીસ મથકમાં નોંધાવેલી ફરીયાદ મુજબ હીનાબેન પટેલને તેમના ભાઈ પંકજ ચંદુભાઈ પટેલ સાથે દાવો ચાલે છે. બે દિવસથી તેમના ઘર પાસે કેટલીક બહેનો અડીંગો રાખીને બેસી રહેલી હતી. જેથી હિનાબહેને તેઓને પુછતા તેઓએ "અમારું ઘર છે અહીં બેસીશું" કહ્યું હતું. જયારે શુક્રવારના રોજ સાંજે ફરીયાદી હીનાબેન ઘરની બહાર નીકળ્યા હતા તે સમયે એકઠી થયેલી મહિલાઓએ ગાળાગાળી કરી હતી. ત્યારબાદ ફરીયાદીને ગડદાપાટુનો મારમાર્યો હતો અને માથાના ભાગે કુંડુ માર્યુ હતું. ઈજાગ્રસ્ત હીનાબેનને તાત્કાલીક સારવાર માટે ગાંધીનગર સિવિલ ખસેડાયા હતા. ત્યારબાદ તેમણે ફરીયાદ નોંધાવી હતી. ફરીયાદીનું કહેવું છે કે આ બહેનો તેમના ભાઈ પંકજ પટેલે મોકલી હતી. તેઓએ અવારનવાર ફોન પર તેમને જાનથી મારી નાંખવાની ધમકીઓ આપી હોવાનો દાવો ફરીયાદીએ કર્યો છે.

જયારે સામેપક્ષે પાલજના જસપાલસિંહ બિહોલાએ હિના પટેલ તેમજ અન્ય ત્રણ સામે ફરીયાદ નોંધાવી છે. જેમાં પોતાને ત્યાં કામ કરતી યુવતીઓ સાથે ગાળાગાળી કરી ગડદાપાટુનો મારમારીને જાનથી મારી નાંખવાની ધમકી આપી હોવાનો આક્ષેપ કર્યો છે. ઉલ્લેખનીય છે કે ગત માસમાં શાંતિવીલા બંગ્લોઝ મકાન નં-૧૩ ખાતે એલસીબી પોલીસે રેઈડ પાડી જુગારધામ ઝડપી પાડ્યું હતું. જેમાં હિના પટેલ સહિત ૬ જુગારી ઝડપાયા હતા. તે સમયે હિના પટેલે ઘર તેમના ભાઈનું છે અને તે પોતે અહી રહેતા હોવાનું જણાવ્યું હતું.

### અભિનંદન



શહેરના હિમેશ હેમાંગ મણિયારે જેઈઈ મેઈન્સમાં ૯૯.૬૭ સ્કોર મેળવ્યો છે. મણિયાર પરિવાર દ્વારા તેને શુભેચ્છા પાઠવવામાં આવે છે.

### સમસ્ત જનસારી સમાજ ગાંધીનગર દ્વારા પરિચય પુસ્તિકા તૈયાર કરવા જોગ

ગાંધીનગર, તા.૧૨
સમસ્ત જનસારી સમાજ ગાંધીનગરના પ્રમુખ રમેશચંદ્ર ચૌહાણ અને મંત્રી મહેન્દ્રભાઈ ચૌહાણ દ્વારા નગરમાં રહેતા સમસ્ત જનસારી, જનક્ષેત્રિય, મોચી સમાજના સભ્યોને પરિચય પુસ્તિકા તૈયાર કરવા સંદર્ભે નમૂનાના ફોર્મ સે-૨૪ સ્થિત આસ્થા ફૂટવેર ખાતે મોકલી આપવા જણાવાયું છે.

### ચિરવિદાય

- સ્વ. કાન્તીભાઈ બબાભાઈ પટેલ, ઉ.વ. ૭૫, પાલૈયા, તા. દહેગામ
- સ્વ. પટેલ મગનભાઈ પુંજાભાઈ, ઉ.વ. ૭૦, રાંધેજા, તા. ગાંધીનગર
- સ્વ. સોલંકી રામીબેન કલ્યાણભાઈ, ઉ.વ. ૭૧, જીઈબી, ગાંધીનગર
- સ્વ. ઠાકોર વિનયભાઈ નરેશભાઈ, ઉ.વ. ૩૬, હાલીસા (દોલતપુરા), તા. દહેગામ
- સ્વ. દોશી ચંદ્રગોપાલ ઓછવલાલ, ઉ.વ. ૮૦, સેકટર-૨, ગાંધીનગર
- સ્વ. મેસરીયા મોહનભાઈ જોઈતારામ, ઉ.વ. ૬૯, સેકટર-૧૪, ગાંધીનગર
- સ્વ. મનુભાઈ જગજીવનદાસ મેવાડા, ઉ.વ. ૭૩, માણસા, જી. ગાંધીનગર

## બીએસએનએલ લેન્ડલાઈન ટેલિફોનની સર્વિસમાં ધાંધીયાની ફરિયાદો ઉઠી

**ગ્રાહકો અનેકવાર કંપ્લેઈન નંબર પર અથવા બીએસએનએલ કંપનીની સેક્ટર-૧૧ ખાતેની કચેરીએ ફરિયાદ નોંધાવી ચૂક્યા છે તેમ છતાં તેમની સમસ્યાનું નિરાકરણ આવતું નથી**

ગાંધીનગર, તા.૧૨
પાટનગરમાં છેલ્લા કેટલાક સમયથી બીએસએનએલ લેન્ડલાઈન ટેલિફોનની સર્વિસમાં ધાંધીયા ચાલી રહ્યા હોવાની ગ્રાહકોમાં ફરિયાદ ઉઠવા પામી છે. કેટલાક ગ્રાહકોની ફોનલાઈન લાંબા સમયથી બંધ હોવાની અનેક ફરિયાદો કરવા છતા કંપની દ્વારા તેનું નિરાકરણ લાવવામાં આવી નથી રહ્યું અને કંપનીએ સર્વિસનું કામ આઉટસોર્સિંગમાં આપી દીધું હોવાથી તેના કોન્ટ્રાકટરનો સંપર્ક કરો તેવો જવાબ સેક્ટર-૧૧ ખાતેની બીએસએનએલની ઓફિસેથી ગ્રાહકોને મળી રહ્યો છે.

ગાંધીનગરમાં સેક્ટર-૭ અને ૮ સહિત અન્ય વિસ્તારોમાં પણ અનેક લેન્ડલાઈન ટેલિફોન બંધ થઈ ગયા હોવાની સમસ્યા સર્જવા પામી છે. આ લેન્ડલાઈન ટેલિફોન બંધ હોવાને કારણે ગ્રાહકોને ઘણી હાલાકી ભોગવવી પડી રહી છે જેમાં ખાસ કરીને મોટી વયના વરિષ્ઠ નાગરિકો જેઓને સ્માર્ટફોનનો વપરાશ કરવો ફાવતો નથી અથવા કોઈ એક યા બીજા કારણોસર તેઓ આ મોબાઈલ ફોનનો ઉપયોગ કરતાં નથી તેમજ જેઓ પોતાના અત્યંત જરૂરી સંપર્કો માટે લેન્ડલાઈન ટેલિફોન પર નિર્ભર છે. કેટલાક ગ્રાહકોના ફોન તો એક માસ કરતાં વધુ સમયથી બંધ હોવાની સમસ્યા સર્જાઈ હોવાનું જાણવા મળ્યું છે, અને તે ગ્રાહકો દ્વારા અનેકવાર કંપ્લેઈન નંબર પર અથવા બીએસએનએલ કંપનીની સેક્ટર-૧૧ ખાતેની કચેરીએ ફરિયાદ નોંધાવી ચૂક્યા છે તેમ છતાં તેમની સમસ્યાનું નિરાકરણ કરવા કંપનીમાંથી કોઈ આવતું નથી. એટલું જ નહીં પરંતુ તે માટે ફોન કરવામાં આવે તો કંપનીના અધિકારી-કર્મચારીઓ દ્વારા "અમારી કંપનીમાં કેટલાક સ્ટાફની છટણી કરવામાં આવી છે અને અમે સર્વિસનું કામ આઉટસોર્સિંગ પર કોન્ટ્રાકટરને આપી દેવામાં આવ્યું છે તેથી તમે તેમને ફરિયાદ કરો" જેવા જવાબો મળી રહ્યા છે. આ સાથે કંપનીના જે અધિકારી કે કર્મચારી દ્વારા કોન્ટ્રાકટરનો નંબર આપવામાં આવે છે તેના પર કોઈ ફોન ઉપાડતું નથી અથવા ઉપાડે તો હા આપની કંપ્લેઈન પેન્ડિંગ છે જલ્દી સોલ્વ થઈ જશે તેવા જવાબ આપી તરત ફોન કાપી નાખવામાં આવે છે. આમ લાંબા સમયથી ચાલી રહેલી આ સમસ્યાથી ગ્રાહકો ભારે પરેશાનીનો ભોગ બની રહયા છે અને ફોનલાઈન બંધ હોવા છતાં તેના બિલમાં ગ્રાહકોએ માસિક ભાડા સહિતના ફિક્સ ચાર્જિસ ભોગવવા પડે તેવી સ્થિતિ સર્જાઈ છે.

## વાવોલ વિસ્તાર વિકાસ સમિતિ દ્વારા બે 'આનંદની દિવાલ' અને 'તરતું પુસ્તકાલય'નું લોકાર્પણ




ગાંધીનગર, તા.૧૨
વાવોલમાં છેલ્લાં ત્રણેક વર્ષથી સમગ્ર વાવોલ વિસ્તારના વિવિધ પ્રશ્નો માટે હકારાત્મક અભિગમ સાથે ઉકેલવા પ્રયાસ ઉપરાંત રચનાત્મક પ્રવૃતિ કરતી બિનરાજકિય સ્વયંસેવકોની વાવોલ વિસ્તાર વિકાસ સમિતિ પ્રેરીત બે 'આનંદની દિવાલ' અને એક 'તરતું પુસ્તકાલય' લાયબ્રેરીનો શુભારંભ કાર્યક્રમ તા.૧૨મી સપ્ટેમ્બર શનિવારના રોજ યોજાયો હતો. આ કાર્યક્રમ અનુસાર સવારે ૯.૧૦ કલાકે કોલવડા ચોકડી નજીક જોગણી માતાના મંદિર પાસે અને ૯.૨૫ કલાકે ઉવારસદ રોડ પર ગુડા ડ્રેનેજ સંપ સ્ટેશન પાસે એમ કુલ બે 'આનંદની દિવાલ'નું લોકાર્પણ યોજાયું હતું. આ પછી વાવોલ ગામમાં સુર્યા સીનેમાની બાજુમાં શનિદેવ મંદિર ખાતે ૦૯.૩૦ કલાકે 'તરતું પુસ્તકાલય' લાયબ્રેરીનો શુભારંભ કરવામાં આવ્યો હતો. ત્રણેય લોકાર્પણ વાવોલના પૂજનીય સંત રામધામના મહંત પૂ.મધુસુદનદાસજી મહારાજના વરદ હસ્તે યોજાયા હતા.

આનંદની દિવાલનું લોકાર્પણ કરતાં વાવોલ રામધામના મહંત પૂ. મધુસુદનદાસજી મહારાજે આશિર્વચન આપતા કહ્યું હતું કે 'આ એક ઉત્તમ વિચાર છે જેમાં આપનારને દાન કરવાનો આનંદ અને પુણ્ય તો મળે જ છે પરંતુ તે સાથે લેનારને ક્ષોભમાં પડવું નથી પડતું તેથી તેને પોતાની જરૂરિયાતની ચીજવસ્તુ પામવાનો પણ આનંદ પ્રાપ્ત થાય છે.' શનિ મંદિર ખાતે લાયબ્રેરીનું લોકાર્પણ કરતાં મહંતપૂ. મધુસુદનદાસજી મહારાજે કહ્યું હતું કે 'વાંચન વિકસે તો જ્ઞાન વિકસે અને જ્ઞાન વિકસે તો જ વિજ્ઞાન વિકસે, વાંચન વ્યક્તિની પ્રતિભાને નિખારવા સાથે સદગુણોને ખિલાવવાનું કામ કરે છે પરંતુ આજકાલ વાંચન પ્રવૃતિ ઓછી થતી જાય છે જે ચિંતાજનક છે ત્યારે વાવોલ વિસ્તાર વિકાસ સમિતિનો પુસ્તકાલય શરૂ કરવાનો પ્રયાસ ખૂબ ઉમદા છે'. કાર્યક્રમના સમાપને મહંત પૂ. મધુસુદનદાસજી મહારાજ અને શનીદેવ મંદિરના પૂજારી સુરેશભાઇ ભટ્ટનું વાવોલ વિસ્તાર વિકાસ સમિતિ દ્વારા સ્મૃતિ ચિહ્ન આપી સન્માન કરવામાં આવ્યું હતું. ત્રણેય કાર્યક્રમમાં સોશ્યલ ડિસ્ટન્સ સાથે માસ્ક સહિતની કોવિડ-૧૯ની ગાઈડલાઈનનું પાલન કરવામાં આવ્યું હતું અને મર્યાદિત સંખ્યાંમાં વાવોલ વિસ્તાર વિકાસ સમિતિના સભ્યોએ ઉપસ્થિત રહી કાર્યક્રમને સફળ બનાવ્યો હતો.